1. ભૂગોળનું જ્ઞાન ક્યા બે અભિગમથી પ્રાપ્ત થાય છે?

➢ ભૂગોળનું જ્ઞાન આ બે અભિગમથી પ્રાપ્ત થાય છે :

(1) પદ્ધતિસર અભિગમના આધારે અને (2) પ્રાદેશિક અભિગમના આધારે.

2. ક્યા સમયગાળાને "સંશોધન યુગ" કહેવાય છે? (March 18, 19)

➢ 15મી સદીના ઉત્તરાર્ધથી 18મી સદી સુધીના સમયગાળાને સંશોધન યુગ કહેવાય છે.

3. 'સંભવવાદ' શબ્દનો સૌપ્રથમ ઉપયોગ કરનાર કોણ હતો?

➢ સંભવવાદ શબ્દનો સૌપ્રથમ ઉપયોગ કરનાર લુસિયન ફીવર હતો.

4. સાંસ્કૃતિક પર્યાવરણમાં કયાં તત્ત્વોનો સમાવેશ થાય છે?

➢ સાંસ્કૃતિક પર્યાવરણમાં વસ્તી, વસાહતો, કૃષિ, ઉદ્યોગો, પરિવહન વગેરે માનવસર્જિત તત્ત્વોનો સમાવેશ થાય છે.

5. જીન બ્રુન્સે આપેલી માનવ ભૂગોળની વ્યાખ્યા આપો.

➢ જીન બ્રુન્સે આપેલી માનવ ભૂગોળની વ્યાખ્યા : 'માનવ ભૂગોળ એવાં બધાં જ તત્ત્વોનો અભ્યાસ કરે છે, જે માનવીની ક્રિયાપ્રતિક્રિયા દ્વારા પ્રભાવિત થાય છે."

6. "Geographia Generalis" પુસ્તકના લેખક કોણ હતા? (July 18)

➢ "Geographia Generalis" પુસ્તકના લેખક બનડે વૈરેનિયસ હતા.

7. વૈરેનિયસે ભૂગોળના કયા બે વિભાગ દર્શાવ્યા છે?

➢ વૈરેનિયસે ભૂગોળના આ બે વિભાગ દર્શાવ્યા છે : (1) સામાન્ય ભૂગોળ અને (2) વિશિષ્ટ ભૂગોળ.

8. સામાન્ય ભૂગોળ કઈ વિગતોનો અભ્યાસ કરે છે?

➢ સામાન્ય ભૂગોળ સમગ્ર પૃથ્વીને એક એકમ તરીકે સ્વીકારીને તેની લાક્ષણિકતાઓનો અભ્યાસ કરે છે.

9. વિશિષ્ટ ભૂગોળ કઈ વિગતોનો અભ્યાસ કરે છે ?

➢ વિશિષ્ટ ભૂગોળ જુદા જુદા પ્રદેશો અને ત્યાંના માનવજીવનનો અભ્યાસ કરે છે.

10.સમુદ્રકિનારે વસતો માનવી કઈ પ્રવૃત્તિ વિશેષ રીતે કરે છે?

➢ સમુદ્રકિનારે વસતો માનવી મસ્થાન પ્રવૃત્તિ વિશેષ રીતે કરે છે,

11.ભૂગોળના અભ્યાસક્ષેત્રનો આધાર કયો છે?

- માનવી અને પર્યાવરણ વચ્ચેનો આંતરસંબંધ ભૂગોળના અભ્યાસક્ષેત્રનો આધાર છે,

12.વરેનિયસ ભૂગોળના વિષયવસ્તુને કયા ત્રણ પેટાવિભાગમાં વર્ગીકૃત કર્યું છે?

- વેરેનિયસે ભૂગોળના વિષયવસ્તુને ત્રણ પેટાવિભાગમાં વર્ગીકૃત કર્યું છે : (1) ખગોળવિષયક લાક્ષણિકતાઓ, (2) સ્થળીય લાક્ષણિકતાઓ અને (3) માનવીય લાક્ષણિકતાઓ.

13.ભૂગોળની મુખ્ય શાખાઓ કેટલી છે? કઈ કઈ?

- ભૂગોળની મુખ્ય શાખાઓ બે છે : (1) પ્રાકૃતિક ભૂગોળ અને (2) માનવ ભૂગોળ.

14.માનવ ભૂગોળનો એક વિષય શાખા તરીકે ઉદ્દભવ ક્યારે થયો?

- 19મી સદીમાં માનવ ભૂગોળનો એક વિષય શાખા તરીકે ઉદ્ભવ થયો.

15.ભૂગોળની કઈ બે શાખાઓનો વિકાસ સૌપ્રથમ થયો?

- પ્રાકૃતિક ભૂગોળ અને ભૂસ્વરૂપીય ભૂગોળ નામની ભૂગોળની બે શાખામોનો વિકાસ સૌપ્રથમ થયો.

16.માનવીની વિકાસાત્મક ગતિવિધિઓ પર કોની અસર થાય છે?

- માનવીની વિકાસાત્મક ગતિવિધિઓ પર ભૌતિક પર્યાવરણની અસર થાય છે.

17.કુમારી ઍલન સી. સેમ્પલે આપેલી માનવ ભૂગોળની વ્યાખ્યા લખો.

- કુમારી ઍલન સી. સેમ્પલે આપેલી માનવ ભૂગોળની વ્યાખ્યા : ‘‘માનવ ભૂગોળ અસ્થિર પૃથ્વી અને ક્રિયાશીલ માનવી વચ્ચેના પરિવર્તનશીલ સંબંધોનું અધ્યયન છે’’,

18.બિનસાંપ્રદાયિક દેશોનાં ઉદાહરણ આપો.

- યુ.એસ.એ. અને ભારત બિનસાંપ્રદાયિક દેશો છે.

19.માનવ ભૂગોળના વિષયવસ્તુને કયા બે વિભાગોમાં વહેંચવામાં આવે છે?

- માનવ ભૂગોળના વિષયવસ્તુને આ બે વિભાગોમાં વહેંચવામાં આવે છે : (1) પ્રાકૃતિક પર્યાવરણ અને (2) સાંસ્કૃતિક અથવા માનવસર્જિત પર્યાવરણ.

20.પ્રાકૃતિક પર્યાવરણમાં કયાં તત્ત્વોનો સમાવેશ થાય છે?

- પ્રાકૃતિક પર્યાવરણમાં ભૂપૃષ્ઠ, જળપ્રણાલી, જમીન, વનસ્પતિ, ખનીજો, આબોહવા વગેરે કુદરતી તત્ત્વોનો સમાવેશ થાય છે.

21.માનવ ભૂગોળ કયા કયા વિષયો સાથે અનુબંધ અને સહસંબંધ ધરાવે છે?

- માનવ ભૂગોળ અર્થશાસ્ત્ર, ઇતિહાસ, વસ્તીવિજ્ઞાન, કૃષિવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે વિષયો સાથે અનુબંધ અને સહસંબંધ ધરાવે છે.

22.માનવીની આર્થિક પ્રવૃત્તિઓ કઈ કઈ છે?

- શિકાર, પશુપાલન, કૃષિ, ઉદ્યોગો, પરિવહન, દૂરસંચાર, વ્યાપાર વગેરે માનવીની આર્થિક પ્રવૃત્તિઓ છે.

23.માનવીનાં સેવાક્ષેત્રો જણાવો.

- નિમર્ણિ કાર્યો, વેપાર, સ્વાસ્થ્ય, શિક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મનોરંજન વગેરે માનવીનાં સેવાક્ષેત્રો છે,

24.માનવીનાં સેવાક્ષેત્રો જણાવો.

- નિમર્ણિ કાર્યો, વેપાર, સ્વાસ્થ્ય, શિક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મનોરંજન વગેરે માનવીનાં સેવાક્ષેત્રો છે,

25.નિયતિવાદની સંકલ્પના આપનાર વિદ્વાનો કયા કયા હતા?

- નિયતિવાદની સંકલ્પના આપનાર વિદ્વાનો હિપોક્રેટ્સ, ઍરિસ્ટોટલ, હિરોડૉટ્સ, સ્ટ્રાબો વગેરે હતા,

26.નિશ્ચયવાદ (નિયતિવાદી) વિચારધારાના પ્રખર સમર્થક કોણ હતા?

- કુમારી ઍલન સેમ્પલ અને એલ્સવર્થ હંટિંગ્ટન નિશ્ચયવાદ (નિયતિવાદ)વિચારધારાના પ્રખર સમર્થક હતા.

27.નવનિયતિવાદી વિચારધારા કોણે આપી?

- નવનિયતિવાદી વિચારધારા ગ્રિફિથ ટેઈલરે આપી.

28.કઈ વિચારધારા પ્રકૃતિ કરતાં માનવને મહત્ત્વનું સ્થાન આપે છે?

- સંભવવાદની વિચારધારા પ્રકૃતિ કરતાં માનવને મહત્ત્વનું સ્થાન આપે છે.

29.વૈશ્વિક સમસ્યાઓ જણાવો.

- ગરીબી, ભૂખમરો, દુષ્કાળ , યુદ્ધો, રંગભેદ, જાતિભેદ, વર્ગવિગ્રહો, પ્રદૂષણ, આતંકવાદ વગેરે વૈશ્વિક સમસ્યાઓ છે.

30.માનવ ભૂગોળના અભિગમો આપનાર વિદ્વાનો કયા કયા હતા?

- રિટર, રેડ્ઝલ, હંટિંગ્ટન, બ્લાશ, બ્રુન્સ, ડિમાજિયાં, ફ્રિંચ, ટ્રેવાર્થા, ડિકેન, વ્હાઇટ વગેરે વિદ્વાનોએ માનવ ભૂગોળના અભિગમો આપ્યા છે.

31.બધા જ પ્રકારની સંભાવનાઓનો સ્વામી કોણ છે?

- માનવી પોતે જ બધા પ્રકારની સંભાવનાઓનો સ્વામી છે.

32.નિશ્ચયવાદી વિચારધારા અને સંભવવાદી વિચારધારાનો સમન્વય કઈ વિચારધારા થાય છે?

- નવનિયતિવાદી વિચારધારા દ્વારા નિશ્ચયવાદી વિચારધારા અને સંભવવાદી વિચારધારાનો સમન્વય થાય છે.